# જે. ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ. પી. દેસાઈ કૉમર્સ કૉલેજ અમરોલી, સુરત
## આંતરિક કસોટી - ૨૦૧૯
## એમ. કૉમ. સેમેસ્ટર - ૪ (ગુ.મા.)
## નાણાકીય અને સંચાલકીય હિસાબી પદ્ધતિ - ૧૦

**તારીખ : ૦૨/૦૩/૨૦૧૯** **બેઠક નંબર : .........**
**સમય : ૧૧:૦૦ થી ૧:૦૮** **કુલ ગુણ : ૫૮**

**પ્ર- ૧ ટૂંકા પ્રશ્નો :** **[૧૦]**

[૧] કાબીલ ઉત્પાદક કંપની પ્રમાણ જથ્થાને આધારે પોતાની કિંમતનીતિ નક્કી કરે છે. તે એવી રીતે કિંમત નક્કી કરે છે, જેથી કરવેરા પહેલા રોકાણ પર ૨૫% નું વળતર મળે.નીચેની માહિતી પરથી વેચાણકિંમત નક્કી કરો. [૦૨]

| | |
|---|---|
| ચલિત પડતર (એકમદીઠ) | રૂ.૪૯૦ |
| સ્થિર પડતર વર્ષ દરમ્યાન | રૂ. ૧,૨૦,૦૦,૦૦૦ |
| રોકાણ | રૂ. ૨,૫૦,૦૦,૦૦૦ |
| પ્રમાણ જથ્થો | ૧,૦૦,૦૦૦ એકમો |

[૨] નીચે આપેલી વિગતો પરથી જાળવી રાખેલી કમાણીની પડતર શોધો. [૦૩]

૯% વૃદ્ધિ દરે અપેક્ષિત ડિવિડન્ડ નો દર ૧૨%
ઈક્વિટી શેરની બજાર કિંમત ૨૪૦ રૂ.
કરવેરાનો દર ૧૦%
રોકાણ પર દલાલી દર ૨%

[૩] શરણમ મેન્યુ. લિમિટેડ હાલ ૮૦% ઉત્પાદનશક્તિએ કામ કરી રહી છે. તેના સ્થિર ખર્ચા રૂ. ૧,૬૦,૦૦૦ છે. કંપની હાલ તેનો ભાગ બજારમાંથી ખરીદે છે, જેની એકમદીઠ કિંમત રૂ. ૯.૨૫ છે. જો તે ભાગ કારખાનામાં બનાવવામાં આવે તો એકમદીઠ પડતર નીચે મુજબ આવશે : [૦૫]

| | |
|---|---|
| માલસામાન | રૂ. ૪.૦૦ |
| મજૂરી | રૂ. ૩.૦૦ |
| ચલિત કારખાના ખર્ચ | રૂ. ૨.૦૦ |

જો કારખાનું પૂરી ઉત્પાદનશક્તિએ કામ કરે તો તે ભાગના ૮૦,૦૦૦ એકમો બનાવી શકે તેમ છે. કંપનીના કોસ્ટ એકાઉન્ટન્ટે નીચેનું પત્રક તૈયાર કરીને સંચાલકો સમક્ષ એવી રજૂઆત કરી છે કે, ભાગ બનાવવાનું ખર્ચ વધુ આવશે અને બહારથી ખરીદવું સસ્તું પડશે. પત્રક અંગે તમારું મંતવ્ય આપો.

| વિગત | એકમદીઠ પડતર રૂ. | કુલ પડતર રૂ |
|---|---|---|
| માલસામાન | ૪.૦૦ | ૩,૨૦,૦૦૦ |
| મજૂરી | ૩.૦૦ | ૨,૪૦,૦૦૦ |
| ચલિત કારખાના ખર્ચ | ૨.૦૦ | ૧,૬૦,૦૦૦ |
| સ્થિર ખર્ચ (કુલ ખર્ચના ૨૦%) | ૦.૪૦ | ૩૨,૦૦૦ |
| **કુલ** | ૯.૪૦ | ૭,૫૨,૦૦૦ |

**પ્ર - ૨** વિચાર લિ. ના તા. ૩૧-૩-૨૦૧૬ ના રોજ પાકા સરવૈયામાં લાંબાગાળાના સાધનો નીચે મુજબ છે : **[૧૪]**

| **વિગત** | **રકમ રૂ.** |
|---|---|
| ઇક્વિટી શેરમૂડી (રૂ. ૧૦૦) | ૧,૫૦,૦૦,૦૦૦ |
| અનામત અને વધારો | ૧,૦૦,૦૦,૦૦૦ |
| ૧૨%ના પ્રરેફરન્સ શેર | ૫૦,૦૦,૦૦૦ |
| ૧૫%ના ડિબેંચર | ૨,૦૦,૦૦,૦૦૦ |

કંપનીના વિવિધ ભંડોળની વ્યક્તિગત મૂડી પડતર તથા ૩૧ માર્ચ, ૨૦૧૬ ના રોજ પૂરા થતા વર્ષ દરમિયાનના જુદી-જુદી જામીનગીરીઓના સરેરાશ બજારભાવની વિગતો નીચે મુજબ છે :

| **ભંડોળ** | **વ્યક્તિગત મૂડી પડતર (%)** | **ભજાર ભાવ રૂ.** |
|---|---|---|
| ૧.ઇક્વિટી શેર | ૨૫ | ૪૦૦ |
| ૨. અનામત અને વધારો | ૨૨ | - |
| ૩. ૧૨%ના પ્રરેફરન્સ શેર | ૧૨ | રૂ.૮૦ (દરેક રૂ. ૧૦૦ના) |
| ૪. ૧૫%ના ડિબેંચર | ૬ | રૂ.૮૦ (દરેક રૂ. ૧૦૦ના) |

ચોપડે અને બજાર મૂલ્યના આધારે ભારિત સરેરાશ મૂડીપડતર શોધો.

**અથવા**

**પ્ર - ૨** વર્તન કંપનીના મૂડીમાળખાને લગતી માહિતી નીચે મુજબ છે : **[૧૪]**

| | **રૂ.** |
|---|---|
| રૂ. ૧૦૦ નો એક એવા ૧૦% ના ડિબેંચર | ૧૪,૦૦,૦૦૦ |
| રૂ. ૧૦૦ નો એક એવા ૧૨% ના રિડી. પ્રરેફરન્સ શેર | ૩,૫૦,૦૦૦ |
| રૂ. ૧૦ નો એક એવા ઇક્વિટી શેર | ૧૭,૫૦,૦૦૦ |
| | ૩૫,૦૦,૦૦૦ |

અન્ય માહિતી નીચે મુજબ છે :

૧. ડિબેંચરની બજાર કિંમત રૂ. ૧૦૫ છે.

૨. પ્રરેફરન્સ શેર બજારમાં રૂ. ૧૧૫ ના ભાવે વેચાય છે.

૩. ઇક્વિટી શેરનું બજાર મૂલ્ય શેરદીઠ રૂ. ૨૦ છે.

કંપની વિકાસ માટે બહારની મૂડી ઊભી કરવા માગે તો નીચે મુજબ કરી શકાશે :

૧. રૂ. ૧૦૦ નો એક એવા ૧૦ વર્ષના ડિબેંચર મૂળ કિંમતે પરત કરવાપાત્ર, વ્યાજનો દર ૮%, બહાર પાડવાનો ખર્ચ ૪% અને વેચાણ કિંમત રૂ. ૧૦૦.

૨. રૂ. ૧૦૦ નો એક એવા ૧૨ વર્ષીય રિડી. પ્રરેફરન્સ શેર જેના પર ડિવિડન્ડનો દર ૧૨%, શેર બહાર પાડવાનો ખર્ચ ૪% અને વેચાણ કિંમત રૂ. ૧૦૦.

૩. ઇક્વિટી શેર, વેચાણ કિંમત રૂ. ૨૦ અને શેર પાડવાનો ખર્ચ ૩%.

૪. ઇક્વિટી શેર પર અપેક્ષિત ડિવિડન્ડ વર્ષના અંતે રૂ. ૨ શેરદીઠ; ડિવિડન્ડનો અપેક્ષિત વૃદ્ધિ દર ૬%. કંપની તેની બધી જ કમાણી ડિવિડન્ડ તરીકે વહેંચી દે છે.

૫. કરવેરાનો દર ૫૦% છે.

ઉપરની વિગતો પરથી કંપનીની ભારિત સરેરાશ મૂડી પડતર નીચેની બે રીતે ગણી કાઢો :

૧. બજાર મૂલ્યનો ભાર આપીને. ૨. ચોપડે મૂલ્યનો ભાર આપીને.

**પ્ર – ૩** ભારત લિ. ત્રણ વસ્તુઓ એ, બી અને સી નું ઉત્પાદન કરે છે. તેના ડિરેકટરો ઉત્પાદન મિશ્રણ અંગે તમારી સલાહ માંગે છે. તમને નીચે મુજબની માહિતી પૂરી પાડવામાં આવે છે. **[૧૪]**

| વિગત | વસ્તુ | | |
|---|---|---|---|
| | એ (રૂ) | બી (રૂ) | સી (રૂ) |
| સીધો માલસામાન | ૨૦ | ૬૦ | ૪૦ |
| ચલિત પરોક્ષ ખર્ચા | ૬ | ૪ | ૧૦ |
| સીધી મજૂરી કલાક દર : | કલાકો | કલાકો | કલાકો |
| વિભાગ-૧ રૂ. ૧ | ૨૮ | ૧૬ | ૩૦ |
| વિભાગ-૨ રૂ. ૨ | ૫ | ૬ | ૧૦ |
| વિભાગ-૩ રૂ. ૧ | ૧૬ | ૮ | ૩૦ |
| હાલનું ઉત્પાદન : એકમો | ૧૦,૦૦૦ | ૫,૦૦૦ | ૬,૦૦૦ |
| વેચાણ કિંમત (એકમ દીઠ) | રૂ. ૧૦૦ | રૂ. ૧૩૬ | રૂ. ૧૮૦ |
| આવતા વર્ષ માટે વેચાણ અંદાજ (એકમો) | ૧૨,૦૦૦ | ૭,૦૦૦ | ૯,૦૦૦ |

સ્થિર પરોક્ષ ખર્ચા વાષિક રૂ. ૪,૦૦,૦૦૦
વિભાગ-૨ માટે જરૂરી એવા મજૂરોનો પુરવઠો મર્યાદિત છે અને હાલની સપાટી કરતા આ વિભાગની મજૂર શકિત વધારવી શકય નથી.
તમારે સૌથી શ્રેષ્ઠ ઉત્પાદન મિશ્રણ નકકી કરી નફાકારકતા દશાવું પત્રક તૈયાર કરવાનું છે. કે જે :
(૧) હાલના બજેટ મુજબ ઉત્પાદનનો નફો અને
(૨) સૌથી વધુ નફાકારક ઉત્પાદન મિશ્રણ કરવામાં આવે તો નફો દર્શાવો.

**અથવા**

**પ્ર – ૩ વાણી લિ.**ની એક સ્ટાન્ડર્ડ વસ્તુની સીમાંત પડતર નીચે મુજબ હતી. **[૧૪]**

| | |
|---|---|
| પ્રત્યક્ષ માલસામાન | ૧૬૦ |
| પત્યક્ષ મજુરી | ૧૨૦ |
| ચલિત ખર્ચા | ૨૦ |
| **કુલ પડતર** | **૩૦૦** |

તેના વાર્ષિક બજેટમાં નીચેનાનો સમાવેશ થતો હતો.

| | | |
|---|---|---|
| ઉત્પાદન | | ૮૦,૦૦૦ એકમો |
| સ્થિર શિરોપરી ખર્ચા. | ઉત્પાદન | ૧,૬૦,૦૦,૦૦૦ |
| | વહીવટી | ૯૬,૦૦,૦૦૦ |
| | વેચાણ | ૮૦,૦૦,૦૦૦ |

ફાળો ૪,૦૦,૦૦,૦૦૦

મેનેજમેન્ટને તૈયાર થયેલ બજેટ અને તેના સંભવિત પરિણામોથી સંતોષ થયા નથી. BOD ની સભામાં થયેલી ચર્ચા દરમિયાન પરિસ્થિતિમાં સુધારો કરવા શકય વ્યૂરચના તથા નિચેના વિચારો રજૂ કરવામાં આવ્યા.

MD રૂા. ૯૬,૦૦,૦૦૦ નો નફો કમાવવા માંગે છે. આ સિદ્ધ કરવા તેઓ જરૂરી વેચાણ કિંમત જાણવા માંગે છે અને તેઓ અંદાજે છે કે,

(૧) જાહેરાત ખર્ચમાં રૂા. ૧૮,૮૮,૦૦૦ નો વધારો કરતા વેચાણમાં ૧૦% નો વધારો થશે.

(૨) ઉત્પાદન સ્થિર શિરોપરી ખર્ચા ૪,૦૦,૦૦૦ થી અને

વેચાણના સ્થિર શિરોપરી ખર્ચા ૨,૭૨,૦૦૦ થી વધશે.

બન્ને યોજના હેઠળ નફો દર્શાવતું પત્રક બનાવો MD ની દરખાસ્ત સ્વીકારવી જોઇએ કે નહી ?

**પ્ર- ૪ ટુંકનોંધ લખો. (કોઇપણ ત્રણ)** **[૧૨]**

૧. મૂડી પડતરનું મહત્વ.

**૨.** રાખી મુકેલ કમાણીની પડતર

**૩.** પોર્ટફોલીયો સંચાલનના હેતુઓ

**૪.** સટ્ટો અને જુગાર.

૫. ખરીદવું કે બનાવવું અંગેનો નિર્ણય.

૬.મુખ્ય બજેટ પરિબળ અને કિંમત નિર્ધારણ

જે. ઝેડ. શાહ આર્ટ્સ ઍન્ડ એચ. પી. દેસાઈ કૉમર્સ કૉલેજ અમરોલી, સુરત

આંતરિક કસોટી - ૨૦૧૭

એમ. કૉમ. સેમેસ્ટર - ૪ (ગુ.મા.)

Organized Markets - II

તારીખ : ૨૭/૦૨/૨૦૧૭ | બેઠક નંબર : .........

સમય : ૧૧:૦૦ થી ૧:૦૦ | કુલ ગુણ : ૫૦

**પ્રશ્ન : ૧ નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.** **(૧૦)**

૧. સહકારી માર્કેટીંગ એટલે શું ?

૨. નાણાબજાર અને મૂડી બજાર વચ્ચેનો તફાવત જણાવો.

૩. મૂળભૂત વિશ્લેષણ એટલે શું ?

૪. "NASDAQ" નું આખુ નામ જણાવો.

૫. ડિપોઝીટરી સીસ્ટમના ફાયદાઓ જણાવો.

**પ્રશ્ન : ૨** નિયંત્રિત બજાર એટલે શું ? નિયંત્રિત બજારના લાભ અને ગેરલાભોની ચર્ચા કરો. **(૧૩)**

**અથવા**

પ્રમાણીકરણ અને વર્ગીકરણ વચ્ચે શું તફાવત છે ? પ્રમાણીકરણના લાભ અને ગેરલાભોની ચર્ચા કરો. **(૧૩)**

**પ્રશ્ન :** ૩ નાણાબજારનું મહત્ત્વ જણાવી, ભારતીય નાણબજારની ખામીઓ ચર્ચો. **(૧૩)**

**અથવા**

W.T.O. ના હેતુઓ જણાવો. W.T.O. ના સભ્ય થવાથી ભારતને થતા લાભ અને ગેરલાભ સમજાવો. **(૧૩)**

**પ્રશ્ન : ૪ ટૂંકનોંધ લખો. (કોઈ પણ બે)** **(૧૪)**

૧. યુરોપિયન સંઘ ઉદ્ભવ અને વિકાસ

૨. વિનિમયદરને અસર કરતાં પરિબળો

૩. વર્ગીકરણના લાભ

૪. ન્યૂયોર્ક સ્ટોક એક્સચેન્જ (N.Y.S.E.)

JDV

# જે. ઝેડ. શાહ આર્ટ્સ ઍન્ડ એચ. પી. દેસાઇ કૉમર્સ કૉલેજ અમરોલી, સુરત.
## આંતરિક કસોટી - ૨૦૧૭
## એમ. કૉમ. સેમેસ્ટર - ૪ (ગુ.મા.)
## નાણાકીય સંચાલન

**તારીખ : ૨૮/૦૨/૨૦૧૭** **બેઠક નંબર : .........**
**સમય : ૧૧:૦૦ થી ૧:૦૦** **કુલ ગુણ : ૫૦**

---

**પ્રશ્ન : ૧ નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો. (ગમે તે પાંચ)** **(૧૦)**

૧. કંપનીના પુનઃ ઘડતરના સ્વરૂપો આપો.

૨. વિભાજન એટલે શું ?

૩. ભાડાપટ્ટાના મુખ્ય પ્રકારો કયા કયા છે ?

૪. નાણાકીય પત્રકોનું વિશ્લેષણ શા માટે કરવામાં આવે છે ?

૫. ભાડાપટ્ટો અને ભાડા ખરીદ પધ્ધતિ વચ્ચેનો કોઈ પણ બે તફાવત જણાવો.

૬. ડિવિડન્ડ ચૂકવણી ગુણોત્તર કોને કહેવાય ?

૭. કોર્પોરેટ ગર્વનન્સ એટલે શું ?

**પ્રશ્ન : ૨ (અ)** અમૈત્રીપૂર્ણ ટેઈકઓવર સામેના સંરક્ષાત્મક પગાલા જણાવો. **(૦૭)**

**(બ)** નાણાકીય ભાડાપટ્ટો અને કામગીરી ભાડાપટ્ટાનો તફાવત આપો. **(૦૭)**

**અથવા**

**(અ)** જાહેર સાહસના ખાનગીકરણના વિવિધ સ્વરૂપોની તુલનાત્મક ચર્ચા કરો. **(૦૭)**

**(બ)** એજન્સી પડતર એટલે શું ? એજન્સી પડતરને નિયંત્રિત કરતી પધ્ધતિ જણાવો. **(૦૭)**

**પ્રશ્ન : 3 કોઈપણ બે પ્રશ્નોના જવાબ આપો.** **(૧૨)**

**(૧)** નીચેના ગુણોત્તરના નાણાકીય સૂચિતાર્થ સમજાવો

**(અ)** રોકાયેલી મૂડી પર વળતરનો દર

**(બ)** ચાલુ ગુણોત્તર

**(ક)** દેવા - ઈક્વિટી ગુણોત્તર

**(૨)** પે-આઉટ ગુણોત્તરને અસર કરતાં પરિબળો જણાવો.

**(3)** નીચેના ગુણોત્તરના નાણાકીય સૂચિતાર્થ સમજાવો.

| ગુણોત્તર | X લિ. | સમગ્ર ઉદ્યોગ |
|---|---|---|
| ૧. ચોખ્ખા નફાનો ગાળો | ૧૧.૧૧% | ૧૫% |
| ૨. માલિકીનાં ભંડોળ પર વળતરનો દર | ૧૯% | ૨૪% |
| ૩. ચાલુ ગુણોત્તર | ૧૮ : ૧૧ | ૨.૫ : ૧ |
| ૪. દેવા-ઈક્વિટી ગુણોત્તર | ૮ : ૨૨ | ૧.૫ : ૧ |
| ૫. ચાલુ મિલકતનો ચલનદર | ૨ : ૧૨ | ૫ |
| ૬. દેવાદારોનો ચલન દર | ૪ | ૭ |

SM/NP

**પ્રશ્ન : ૪ ટૂંકનોંધ લખો. (કોઈ પણ બે)** **(૧૪)**

૧. "નાણાકીય લીવરેજ એ બે ધારી તલવાર છે." ઉદાહરણ સહિત સમજાવો.

૨. શેરની પુનઃખરીદી

૩. ભારતમાં કોર્પોરેટ ગર્વનન્સ વિશે કાર્યક્ષેત્ર સમજાવો.

## જે. ઝેડ. શાહ આર્ટ્સ ઍન્ડ એચ. પી. દેસાઈ કૉમર્સ કૉલેજ અમરોલી, સુરત

## આંતરિક કસોટી - ૨૦૧૭

## એમ. કૉમ. સેમેસ્ટર - ૪ (ગુ.મા.)

## વ્યૂહાત્મક સંચાલન

તારીખ : ૦૧/૦૩/૨૦૧૭ — બેઠક નંબર : .........

સમય : ૧૧:૦૦ થી ૧:૦૦ — કુલ ગુણ : ૫૦

---

**પ્રશ્ન : ૧ નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.** **(૧૦)**

૧. હેતુઓની લક્ષણો જણાવો.

૨. સંસાધનોની ફાળવણીના આધારો જણાવો.

૩. વ્યૂહાત્મક કૂદકો અંકુશની પધ્ધતિઓ જણાવો.

૪. વૈવિધ્યકરણની વ્યૂહરચનાના પ્રકારો જણાવો.

૫. સતત સુધારાલક્ષી વ્યૂહરચના સમજાવો.

**પ્રશ્ન : ૨ (અ)** વ્યૂહાત્મક પસંદગીને અસર કરતાં આત્મલક્ષી પરિબળોની ચર્ચા કરો. **(૦૭)**

**(બ)** સંશાધનોની ફાળવણીમાં સંભવિત મુશ્કેલીઓની ચર્ચા કરો. **(૦૬)**

**અથવા**

**પ્રશ્ન : ૨ (અ)** વલણ ઉલટાવવાની વ્યૂહરચના સમજાવો. **(૦૭)**

**(બ)** વ્યૂહાત્મક અમલીકરણ એટલે શું ? પ્રોજેકટનું અમલીકરણ તથા વાર્તનિક અમલીકર**ણ** સમજાવો. **(૦૬)**

**પ્રશ્ન : 3 (અ)** વ્યૂહાત્મક અંકુશ એટલે શું ? તેના પ્રકારોની ચર્ચા કરો. **(૦૭)**

**(બ)** 'ખરીદવું કે બનાવવું' ના નિર્ણયને અસર કરતાં પરિબળો સમજાવો. **(૦૬)**

**અથવા**

**પ્રશ્ન : 3 (અ)** વ્યૂહાત્મક અંકુશ અને ક્રિયાત્મક અંકુશ વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો. **(૦૭)**

**(બ)** માનવ સંચાલન વ્યૂહરચનાના સંદર્ભમાં - **(૦૬)**

(૧) કર્મચારી ગતિશીલતા અને

(૨) પ્રોત્સાહક પધ્ધતિ સમજાવો.

**પ્રશ્ન : ૪ ટૂંકનોંધ લખો. (ગમે તે બે)** **(૧૪)**

૧. શૂન્ય ખામી સંચાલન

૨. હેતુ નિર્ધારણની મર્યાદા

૩. બી.સી.જી. મેટ્રિકસ પધ્ધતિ

૪. વ્યૂહાત્મક ગતિ અંકુશ

૫. લિવરેજ

NST

# જે. ઝેડ. શાહ આર્ટ્સ ઍન્ડ એચ. પી. દેસાઇ કૉમર્સ કૉલજ અમરોલી, સુરત.
## આંતરિક કસોટી - ૨૦૧૭
## એમ. કૉમ. સેમેસ્ટર - ૪ (ગુ.મા.)
## નાણાકીય અને સંચાલકીય હિસાબી પધ્ધતિ - ૧૧

**તારીખ : ૦૩/૦૩/૨૦૧૭** **બેઠક નંબર : ..........**

**સમય : ૧૧:૦૦ થી ૧:૦૦** **કુલ ગુણ : ૫૦**

સૂચના : (૧) જમણી બાજુ આપેલ અંક પ્રશ્નના ગુણ દર્શાવે છે. (૨) જવાબના ભાગરૂપે તમામ જરૂરી ગણતરી દર્શાવો.

**પ્રશ્ન : ૧ ટૂંકમાં ઉત્તર આપો.**

**(અ)** યંત્રની પડતર રૂા. ૮૦,૦૦૦. દરેક વર્ષના અંતે લીઝ ભાડું : **(૦૫)**

| વર્ષ | લીઝ ભાડું રૂા. |
|---|---|
| ૧ | ૧૭,૦૦૦ |
| ૨ | ૧૭,૦૦૦ |
| ૩ | ૧૭,૦૦૦ |
| ૪ | ૧૭,૦૦૦ |
| ૫ | ૧૭,૦૦૦ |
| ૬ | ૧૭,૦૦૦ |

૧૦% નાં વટાવ દરે વટાવ પરિબળ અનુક્રમે ૦.૯૦૯, ૦.૮૨૬, ૦.૭૫૧, ૦.૬૮૩, ૦.૬૨૧ અને ૦.૫૬૪

ઉપરોકત માહિતી પરથી લીઝનો પ્રકાર નકકી કરો.

**(બ)** દેના બેંક લિમિટેડના તા. ૩૧-૩-૨૦૦૬ ના રોજના કાચા સરવૈયામાંથી નીચેની બાકીઓ લેવામાં આવી છે. **(૦૫)**

| વિગત | રૂા. |
|---|---|
| ખરીદેલી અને વટાવેલી હૂંડીઓ | ૬,૦૦,૦૦૦ |
| વટાવેલી હૂંડીઓ પરનું વળતર (તા. ૧-૪-૨૦૦૫) | ૧૦,૦૦૦ |
| મળેલ વ્યાજ - વટાવ | ૧,૦૦,૦૦૦ |

વટાવેલી હૂંડીઓનું પૃથકકરણ નીચેની માહિતી દર્શાવે છે :

| હૂંડી લખ્યા તારીખ | હૂંડીની મુદત | હૂંડીની રકમ રૂા. | વ્યાજનો દર |
|---|---|---|---|
| ૨૨-૧-૨૦૦૬ | ૩ માસ | ૧,૪૬,૦૦૦ | ૧૦% |
| ૦૭-૨-૨૦૦૬ | ૩ માસ | ૨,૯૨,૦૦૦ | ૯% |
| ૦૯-૨-૨૦૦૬ | ૪ માસ | ૧,૬૨,૦૦૦ | ૮% |

ઉપરની માહિતીના આધારે બેંકના ચોપડે જરૂરી આમનોંધ લખો અને "વટાવેલી હૂંડી પરના વળતળનું ખાતું" તેમજ "વ્યાજ-વટાવનું ખાતું" તૈયાર કરો.

**પ્રશ્ન : ૨ (અ)** ધી ICIDI બેન્ક લિમિટેડ શ્રી આલ્પાને લોન આપેલ છે. તા. ૩૧-૧૨-૨૦૧૨ ના રોજ રૂા. ૮૦,૦૦૦ ની રકમ બાકી દર્શાવાતી હતી. હવે પૂરેપૂરી રકમ શંકાસ્પદ જણાય છે. લોન અને ઓવરડ્રાફ્ટ પર વ્યાજનો દર ૧૮% છે. તા ૧-૮-૨૦૧૨ સુધી બેન્કને વ્યાજ મળેલું છે. આ અંગે બેન્ક પાસે શ્રી આલ્પાને પાસેથી મળેલ રૂા. ૯૫,૦૦૦ ની કિંમતની એક મિલકત તારણમાં છે. તા. ૨૦-૧-૨૦૧૩ ના રોજ શ્રી આલ્પાને નાદાર જાહેર કરવામાં આવ્યા. બેન્કને તારણમાં મળેલ મિલકતના વેચાણમાંથી રૂા. ૫૦,૦૦૦ ઊપજી શકયા અને રૂા. ૧૮,૮૦૦ તેના રિસીવર પાસેથી બાકીના હિસાબ માટે વસૂલ થઈ શકયા. **(૦૭)**

ICIDI બેન્ક લિમિટેડના ચોપડે જરૂરી આમનોંધ લખી શ્રી આલ્પાનું ખાતું અને વ્યાજ ઉપલક ખાતું તૈયાર કરો.



(પાનું ઊલટાવો)

**પ્રશ્ન : ૨ (બ)** **અમરોલી બેન્ક લિમિટેડના ચોપડા તા. ૧-૧- ૨૦૧૨ ના રોજ નીચેની બાકી દર્શાવતા** **(૦૭)**

| વિગત | રૂા. |
|---|---|
| લોન, કેશ - ક્રેડિટ અને ઓવરડ્રાફ્ટ | ૨૦,૦૦,૦૦૦ |
| વટાવેલી અને ખરીદેલ હૂંડીઓ | ૪,૦૦,૦૦૦ |
| વટાવેલી હૂંડીઓ પર વળતર | ૪,૦૦૦ |

વર્ષ દરમિયાન નીચેના વ્યવહારો થયા હતાઃ

| વિગત | રૂા. |
|---|---|
| મંજૂર કરેલ લોન, કેશ-ક્રેડિટ અને ઓવરડ્રાફ્ટ | ૪૦,૦૦,૦૦૦ |
| વટાવેલી અને ખરીદેલ હૂંડીઓ | ૩૦,૦૦,૦૦૦ |
| વસૂલ આવેલ લોન, કેશ ક્રેડિટ અને ઓવરડ્રાફ્ટ | ૩૫,૦૦,૦૦૦ |
| મળેલ વ્યાજ | ૫,૦૦,૦૦૦ |
| ખરીદેલી અને વટાવેલી હૂંડીઓ પર મળેલ વ્યાજ | ૧,૫૦,૦૦૦ |

વર્ષ દરમિયાન વટાવેલી હૂંડીઓની ૧૦% હૂંડીઓ વર્ષના અંતે પાકી નથી અને આ હૂંડીઓની સરેરાશ પાકતી તારીખ ૩૧-૩-૨૦13 છે. હૂંડીઓ પર વટાવનો વાર્ષિક દર ૧૨% છે.

નવરંગપુરા બેન્કના ચોપડામાં નીચેનાં ખાતાંઓ તૈયાર કરો :

(૧) લોન, કેશ-ક્રેડિટ અને ઓવરડ્રાફ્ટ ખાતું

(૨) વ્યાજ અને વટાવ ખાતું

(૩) વટાવેલી અને ખરીદેવી હૂંડીઓનું ખાતું

(૪) વટાવેલી હૂંડીઓ પરના વળતરનું ખાતું

**અથવા**

**પ્રશ્ન : ૨ ધી ધ્યાના બેંક લિ. નું તા. ૩૧-૩-'૧૧ ના રોજનું કાચું સરવૈયું નીચે મુજબ આપેલું છે :** **(૧૪)**

| ઉધાર બાકીઓ | રૂા. | જમા બાકીઓ | રૂા. |
|---|---|---|---|
| મકાન (૧-૪-'૧૦ ના રોજ) | ૧૦,૦૦,૦૦૦ | શેર મૂડી | ૩૦,૦૦,૦૦૦ |
| મોબાઈલ બ્રાન્ચનાં વાહનો | ૨,૫૦,૦૦૦ | બાંધી મુદતની થાપણો | ૨૪,૦૦,૦૦૦ |
| સોનું | ૧,૫૦,૦૦૦ | નરેશ કંપનીના શેર ઈસ્યૂ | |
| બચત ખાતા પર વ્યાજ | ૧,૧૦,૦૦૦ | સંચાલન ફી | ૧,૦૦,૦૦૦ |
| ખરીદેલી અને વટાવેલી હૂંડીઓ | ૨,૦૦,૦૦૦ | કર્મચારી પગારમાંથી કપાયેલ | |
| ટ્રેઝરી બિલ્સ | ૪,૩૦,૦૦૦ | આવકવેરો | ૨,૦૦૦ |
| ઓવરડ્રાફ્ટ કેશ ક્રેડિટ | ૩૦,૦૦,૦૦૦ | ટ્રાવેલર્સ ચેક | ૧,૪૩,૦૦૦ |
| શાખાના હવાલા | ૧,૫૦,૦૦૦ | લોન પર વ્યાજ | ૯,૦૦,૦૦૦ |
| રોકડ સિલક | ૭,૧૦,૦૦૦ | બેંક ઓવરડ્રાફ્ટ તથા કેશ ક્રેડિટ | |
| સ્નેહ બેંકમાં સિલક | ૨,૦૦,૦૦૦ | પર વ્યાજ | ૫,૫૦,૦૦૦ |
| સ્ટેશનરીનો સ્ટોક | ૧,૮૦,૦૦૦ | સ્ટાફ સલામતી ડિપોઝીટ | ૧,૪૦,૦૦૦ |
| લોન | ૫૫,૦૦,૦૦૦ | કાયદેસરનું અનામત | ૩૦,૦૦,૦૦૦ |
| પગાર | ૭,૦૦,૦૦૦ | કેશ સર્ટિફિકેટ | ૬,૦૦,૦૦૦ |
| વીમા પ્રીમિયમ | ૨૦,૦૦૦ | કમિશન-દલાલી | ૩,૪૦,૦૦૦ |
| ચાંદી | ૨,૫૦,૦૦૦ | બચત ખાતા | ૧૮,૭૫,૦૦૦ |
| બાંધી મુદતની થાપણો પર વ્યાજ | ૨,૦૦,૦૦૦ | | |
| | ૧,૩૦,૫૦,૦૦૦ | | ૧,૩૦,૫૦,૦૦૦ |

નીચેની માહિતી ધ્યાનમાં લઈ બેંકનું ન.નું. ખાતાનું ફોર્મ-B અને પાકું સરવૈયું ફોર્મ-A તથા તે માટેનાં પરિશિષ્ટો ૧ થી ૧૬ તૈયાર કરો :

(૧) મોબાઈલ બ્રાન્ચનાં વાહનો પર ૧૦% ઘસારો ગણો. મોબાઈલ બ્રાન્ચની શરૂઆત તા. ૬-૧૧-'૧૦ થી થઈ છે. મકાન પર પર ૫% ઘસારો ગણવાનો છે.

(૨) વસૂલાત માટે વર્ષ આખરે લેણીહૂંડીઓ રૂા. ૨,૦૦,૦૦૦ ની છે.

(૩) તા. ૩૧-૩-'૧૧ ના રોજ ગ્રાહકો વતી સ્વીકાર-વેચાણશેરોની રકમ રૂા. ૫૦,૦૦૦ છે.

(૪) બધી વટાવેલી હૂંડીઓની સરેરાશ પાકતી તારીખ ૧૨-૬-'૧૨ છે . તેનો સરેરાશ વટાવ ૧૦% છે.

**પ્રશ્ન : ૩ જગત લિ. એ દુનિયા લિ. પાસેથી એક યંત્ર તા. ૧-૧-૨૦૧૨ નાં રોજ ચાર વર્ષનાં ભાડાપટા પર લીધું. તેને લગતી વિગતો નીચે મુજબ છે : (૧૪)**

(૧) યંત્રની વ્યાજબી કિંમત ૯,૦૦,૦૦૦

(૨) લીઝ ભાડાંની ચૂકવણી નીચે મુજબ છે :

| તારીખ | રૂા. |
|---|---|
| ૧/૧/૨૦૧૨ | ૫,૨૫,૦૦૦ |
| ૧/૧/૨૦૧૩ | ૨,૪૦,૦૦૦ |
| ૧/૧/૨૦૧૪ | ૧,૨૦,૦૦૦ |
| ૧/૧/૨૦૧૫ | ૬૬,૦૦૦ |

(૩) ચાર વર્ષનાં આયુષ્યના અંતે ભંગાર કિંમત રૂા. ૪૮,૦૦૦ (બાંયધરી ભાડા પેટે લેનારે આપી છે અને ભાડાપેટે આપનાર ને મળવા પાત્ર છે.

(૪) નાણાંકીય ખર્ચા વાર્ષિક ૧૪% લેખે ગણવામાં આવે છે.

ઉપરોકત માહિતી પરથી :

(૧) દુનિયા લિ. ના ચોપડામાં બધા વર્ષની જરૂરી આમનોંધ લખો. અને

(૨) જગત લિ. ના ચોપડામાં દુનિયા લિ. નું ખાતું અને નાણાંકીય ખર્ચનું ખાતું તૈયાર કરો.

**અથવા**

**પ્રશ્ન : ૩ અ લિ. એ બ લિ. પાસેથી એક યંત્ર તા. ૧/૧/૨૦૧૨ ના રોજ ભાડાપટા પર લીધું. તેને લગતી વિગતો નીચે મુજબ છે. (૧૪)**

(૧) યંત્રની વ્યાજબી કિંમત રૂા. ૩,૧૨,૦૦૦

(૨) ભાડાં પટાનો સમયગાળો ૪ વર્ષ

(૩) ચાર વર્ષને અંતે ભંગાર કિંમત (બાંયધરી ભાડાપટા લેનારે આપેલી છે અને ભાડાપટા આપનારને મળવાપાત્ર છે.) રૂા. ૧૫,૮૭૫

(૪) નાણાંકીય ખર્ચા વાર્ષિક ૮%

(૫) લીઝ ભાડાંની ચૂકવણી નીચે મુજબ છે.

| તારીખ | રૂા. |
|---|---|
| ૧/૧/૨૦૧૨ | ૧,૭૫,૦૦૦ |
| ૧/૧/૨૦૧૩ | ૮૦,૦૦૦ |
| ૧/૧/૨૦૧૪ | ૪૦,૦૦૦ |
| ૧/૧/૨૦૧૫ | ૨૨,૫૦૦ |

ઉપરોકત માહિતી પરથી :

(૧) અ લિ. ના ચોપડામાં બ લિ. નું ખાતું અને નાણાંકીય ખર્ચનું ખાતું.

(૨) બ લિ. નાં ચોપડે બધાં વર્ષની જરૂરી આમનોંધ લખો.

**પ્રશ્ન – ૪ ટૂંકનોંધ લખો : (કોઈપણ ત્રણ)** **(૧૨)**

(૧) ભાડાં પટાનાં લાભાલાભ

(૨) વટાવેલી હૂંડીઓનું વળતર

(૩) આયાતવિધિ

(૪) આંતરિક વેપાર અને વિદેશ વેપાર વચ્ચેનો તફાવત

(૫) બેંકોનું રાષ્ટ્રીકરણ અને કાયદાની મહત્ત્વની જોગવાઈઓ

# જે. ઝેડ. શાહ આર્ટ્સ ઍન્ડ એચ. પી. દેસાઈ કૉમર્સ કૉલેજ અમરોલી, સુરત.
## આંતરિક કસોટી - ૨૦૧૭
## એમ. કૉમ. સેમેસ્ટર - ૪ (ગુ.મા.)
## નાણાકીય અને સંચાલકીય હિસાબી પધ્ધતિ - ૧૨

**તારીખ : ૦૪/૦૩/૨૦૧૭** **બેઠક નંબર : .........**
**સમય : ૧૧:૦૦ થી ૧:૦૦** **કુલ ગુણ : ૫૦**

---

**પ્ર – ૧ માંગ્યા પ્રમાણે જવાબ આપો :**

(અ) નીચેની માહિતી પરથી મજૂરી કાર્યક્ષમતા વિચલન અને નિષ્ક્રિય સમય વિચલન શોધો. **(૦૫)**

| | |
|---|---|
| કુલ સીધી મજૂરી | રૂા. ૬,૦૦૦ |
| પ્રમાણિત ઉત્પાદિત કલાકો | ૩,૨૦૦ |
| પ્રમાણિત કલાક દીઠ મજૂરી દર | રૂા. ૧.૫૦ |

ખરેખર કલાકો માટે ચૂકવણી ૩,૦૦૦ (જેમાંથી અસામાન્ય નિષ્ક્રિય સમય ૧૦૦ કલાકો)

(બ) નીચે આપેલ માહિતી પરથી સ્થિર પરોક્ષ ખર્ચ વિચલન, બજેટ વિચલન અને જથ્થા વિચલનની ગણતરી કરો. **(૦૫)**

| વિગત | બજેટ મુજબ | ખરેખર |
|---|---|---|
| કામના દિવસો | ૨૦ | ૨૨ |
| એક દિવસ દીઠ કામદાર કલાકો | ૮,૦૦૦ | ૮,૪૦૦ |
| એક કામદાર કલાકદીઠ ઉત્પાદન (એકમમાં) | ૧ | ૦.૯૦ |
| સ્થિર પરોક્ષ ખર્ચ | રૂા. ૧,૬૦,૦૦૦ | રૂા. ૧,૬૮,૦૦૦ |

**પ્ર – ૨ નીચે આપેલી માહિતી પરથી પ્રશ્નાર્થ ચિહ્નવાળી વિગતો શોધો. (૧૪)**

| વેચાણ જથ્થો | વસ્તુ R | વસ્તુ S |
|---|---|---|
| પ્રમાણિત (એકમો) | (?) | ૪૦૦ |
| ખરેખર (એકમો) | ૫૦૦ | (?) |
| કિંમત / એકમો : | રૂા. | રૂા. |
| પ્રમાણિત | ૧૨ | ૧૫ |
| ખરેખર | ૧૫ | ૨૦ |
| વેચાણ કિંમત વિચલન | (?) | (?) |
| વેચાણ જથ્થા વિચલન | ૧૨૦૦ (F) | (?) |
| વેચાણ મૂલ્ય વિચલન | (?) | (?) |

વેચાણ મિશ્રણ વિચલન બન્ને વસ્તુઓનું ભેગુ રૂા. ૪૫૦ F. 'F' અનુકૂળ દર્શાવે છે.

**અથવા**

**પ્ર – ૨ મિહિર લિમીટેડની નીચેની માહિતી પરથી માલસામાનને લગતા અને મજૂરી ખર્ચને લગતા વિચલનો ગણો : (૧૪)**

(૧) ૧ ટન કાચો માલ આપવાથી ૧ લાખ પ્રમાણ એકમો બને છે.

(૨) કામદારોની સંખ્યા ૨૦૦ છે.

(૩) કામદાર દીઠ પ્રમાણ દૈનિક વેતન રૂા. ૬/- છે.

NBR // AMN

(૪) માલસામાનની પ્રમાણ કિંમત એક કિલોના રૂા. ૨૦/- છે.

(૫) ખરેખર આપેલ અને ઉત્પાદન વિભાગમાં વાપરેલ માલસામાન ૧૦ ટન છે.

(૬) માલસામાનની ખરેખર કિંમત એક કિલો દીઠ રૂા. ૨૧/- છે.

(૭) ખરેખર ઉત્પાદન ૯ લાખ એકમોનું છે.

(૮) ખરેખર ચૂકવેલ મજૂરી દર દિવસના રૂા. ૬.૫૦/- છે.

(૯) કર્મચારી દીઠ દૈનિક પ્રમાણ ઉત્પાદન ૧૦૦ એકમો છે.

(૧૦) ખરેખર કામના દિવસો ૫૦ છે.

(૧૧) ઉપરનામાં સમાયેલ અને જે અંગે મજૂરી ચૂકવી છે. તેવો નિષ્ક્રિય સમય ૧/૨ દિવસનો છે.

**પ્ર – 3** જાનકી લિમીટેડ રૂા. ૧૦૦ નો એક એવા ૬,૦૦,૦૦૦ ઈક્વિટી શેરોની સત્તાવાર થાપણથી નોંધાયેલ હતી. કંપનીએ ૮૦% શેર રૂા. ૧૧૦ ના ભાવે જાહેર જનતા માટે બહાર પાડયા (રૂા. ૧૦ પ્રિમિયમ સહિત). આ અંગે નીચે મુજબ શેર દલાલોએ બાંયધરી આપી હતી. **(૧૪)**

| | |
|---|---|
| રાહુલ | ૧૫% |
| સાહિલ | ૨૫% |
| તેજલ | ૬૦% |

બાંયધરી દલાલોએ નિશ્ચિત બાંયધરી અંગેના ૧,૨૦,૦૦૦ ઈક્વિટી શેર માટે નીચે મુજબ અરજીઓ કરી હતી.

| | |
|---|---|
| રાહુલ | ૨૦% |
| સાહિલ | ૫૦% |
| તેજલ | ૩૦% |

નિશ્ચિત બાંયધરી સિવાય પરંતુ નિશાનીવાળી અરજીઓ સહિત કુલ ૩,૦૦,૦૦૦ ઈક્વિટી શેર માટે અરજીઓ મળી હતી. જેમાં નિશાનીવાળી અરજીઓ નીચે મુજબ હતી.

| | |
|---|---|
| રાહુલ | ૨૪,૦૦૦ શેર |
| સાહિલ | ૪૮,૦૦૦ શેર |
| તેજલ | ૬૦,૦૦૦ શેર |

બાંયધરી દલાલોને ૫% બાંયધરી કમિશન આપવાનું છે.

ઉપરની માહિતી ધ્યાનમાં લઈને નિશ્ચિત જવાબદારી બાદ મળે અને બાદ ન મળે તે બંને સંજોગોમાં બાંયધરી દલાલોની જવાબદારી દર્શાવતા પત્રકો બનાવો અને નિશ્ચિત જવાબદારીનો લાભ મળે તે સંજોગોમાં કંપનીના ચોપડે જરૂરી આમનોંધ લખો.

**અથવા**

**પ્ર – 3 ધી વિક્રાંત લિમીટેડે રૂા. ૧૦૦ નો એક એવા ૫,૦૦,૦૦૦ ઈક્વિટી શેર ૫૦% પ્રિમિયમથી બહાર પાડયા. બધા જ શેરો માટે ત્રણ બાંયધરી દલાલોએ નીચે મુજબ બાંયધરી આપેલ છે.** (૧૪)

| | |
|---|---|
| જલ્પા | ૪૦% |
| કલ્પના | ૪૦% |
| લતિકા | ૨૦% |

બાંયધરી દલાલોએ નિશ્ચિત બાંયધરી અંગેના ૫૦,૦૦૦ ઈક્વિટી શેર માટે નીચે મુજબ અરજીઓ કરી હતી.

| | |
|---|---|
| જલ્પા | ૫૦% |
| કલ્પના | ૨૫% |
| લતિકા | ૨૫% |

કંપનીને નિશ્ચિત બાંયધરી તેમજ નિશાનીવાળી અરજીઓ સહિત કુલ ૪,૫૦,૦૦૦ ઈક્વિટી શેર માટે અરજીઓ મળી હતી. નિશાનીવાળી અરજીઓ નીચે મુજબ હતી.

જલ્પા ૧,૨૫,૦૦૦ શેર

કલ્પના ૧,૦૦,૦૦૦ શેર

લતિકા ૭૫,૦૦૦ શેર

અરજી વખતે રૂા. ૮૦ શેર દીઠ અને બાકીની રકમ ફાળવણી વખતે ચૂકવવાની છે. બાંયધરી દલાલોને ૨% કમિશન ચૂકવવાનું છે.

ઉપરની માહિતી ધ્યાનમાં લઈને નિશ્ચિત જવાબદારી બાદ મળે અને નિશ્ચિત જવાબદારી બાદ ન મળે તે બંને સંજોગોમાં બાંયધરી દલાલોની જવાબદારી દર્શાવતા પત્રકો બનાવો અને નિશ્ચિત જવાબદારી નો લાભ ન મળે તે સંજોગોમાં કંપનીના ચોપડે જરૂરી આમનોંધ લખો.

**પ્ર – ૪ ટૂંકનોંધ લખો. (ગમે તે બે)** **(૧૨)**

૧. શેષ નફો અને અંકુશપાત્ર નફો યોગ્ય ઉદાહરણ સહિત સમજાવો.

૨. ફેરબદલી કિંમત નિર્ધારણનું અર્થશાસ્ત્ર

૩. રોકાણ પર વળતર અને મૂડી બજેટ

૪. બાંયધરી કરારનાં પ્રકારો